"Driving Salamat To Jivan Salamat"

**અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન**

**Akhil Gujarat Truck Transport Association**

૭૫, સહજાનંદ શોપીંગ સેન્ટર, સ્વામીનારાયણ મંદિર સામે,
શાહીબાગ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૪.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

75, Sahajanand Shopping Centre, Opp. Swaminarayan Temple,
Shahibaug Road, Ahmedabad-380 004.
TELEFAX : (079) 25621447
E-mail : agtta.gujarat@yahoo.com, Web : www.agtta.co.in

President :
SHRI VASANBHAI G. AHIR
(Anjar-Bhuj)
(M) 99250 25148

Exec. President :
SHRI MUKESHBHAI C. DAVE
(Ahmedabad)
(O) 02718-261516
(M) 98240 39477

Hon. Secretary :
SHRI HASMUKHBHAI N. BHAGDEV
(Rajkot)
(O) 0281-2460837 (O) 0281-2482185
(F) 0281-2482186 (M) 93773 56801

---

રેફ. નં. : એજીટીટીએ/૨૦૨૩-૨૪/કારોબારી સમિતિની મિનિટસ/૫ તા.૩૧-૧૨-૨૦૨૩

પ્રતિ,
સર્વે કારોબારી સમિતિના સભ્યોને જોગ,
ભૂતપૂર્વ પ્રમુખ જોગ,

**<u>વિષય</u>** :- **<u>સંસ્થાની કારોબારી સમિતિની મીટીંગ બરોડા રોડ ટ્રાન્સપોર્ટ એસો.ના ખાસ આમંત્રણથી તા.૨૫-૧૨-૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૧૧.૦૦ વાગે બરોડા મુકામે રાખવામાં આવેલ તેની કાર્યવાહીની નોંધ.</u>**

સુજ્ઞ સભ્યશ્રી,

આપણી સંસ્થાની કારોબારી સમિતિની મીટીંગ બરોડા રોડ ટ્રાન્સપોર્ટ એસો.ના ખાસ આમંત્રણથી તા.૨૫-૧૨-૨૦૨૩ને સોમવારના રોજ સવારે ૧૧.૦૦ વાગે રીયા રેવતી રીસોર્ટ, આનંદવન સોસાયટી, સમા-સાવલી રોડ, ન્યુ સમા, વડોદરા-૩૯૦૦૦૮. ખાતે સંસ્થાના પ્રમુખશ્રી વાસણભાઈ જી. આહીરના અધ્યક્ષ સ્થાને મળેલ.

બરોડા રોડ ટ્રાન્સ. એસો. (બરોડા)ના માનદમંત્રીશ્રી પ્રદીપસિંહ ચૌહાણ મીટીંગમાં બહારગામથી આવેલ સભાસદભાઈઓનું હાર્દિક સ્વાગત કરી પધારવા બદલ આભાર વ્યકત કરેલ તેમજ આપણી સંસ્થાના પ્રમુખશ્રી વાસણભાઈ જી. આહીર અને હોદ્દેદારોને સ્ટેજ પર પધારવા આમંત્રણ પાઠવેલ.

સદરહુ સંસ્થાની કારોબારી સમિતિની મીટીંગની શરૂઆતમાં શ્રી મોહરસિંઘ જી. બીશુ (બરોડા)-ઉપપ્રમુખ મધ્ય ગુજરાત ઝોન, બરોડા રોડ ટ્રાન્સ. એસો. (બરોડા)ના પ્રમુખ શ્રી ભારદ્વાજસિંહ વાઘેલા, માનદમંત્રીશ્રી પ્રદીપસિંહ ચૌહાણ તેમજ તેઓની કારોબારી સમીતીના સભ્યો, શ્રી પીયુષભાઈ આર. શર્મા (બરોડા)-બંધારણ કમીટીના સભ્યની હાજરીમાં સંસ્થાના પ્રમુખશ્રી વાસણભાઈ જી. આહીરે દીપ પ્રાગટ્ય કરેલ.

કારોબારી સમિતિની મીટીંગમાં શ્રી મુકેશભાઈ સી. દવે (અમદાવાદ)-કાર્યકારીપ્રમુખ, શ્રી હસમુખરાય એન. ભગદેવ (રાજકોટ)-માનદ્મંત્રીશ્રી, શ્રી જીતુભાઈ એચ. સંઘવી (અમદાવાદ)-ઉપપ્રમુખ સ્થાનિક ઝોન, શ્રી પ્રભાતભાઈ એસ. આહીર (મોરબી)-ઉપપ્રમુખ સૌરાષ્ટ્ર ઝોન, શ્રી મહેન્દ્રસિંહ પી. જાડેજા (મુંદ્રા-કચ્છ)-ઉપપ્રમુખ કચ્છ ઝોન,

---

**શ્રી કનુભાઈ આર. અગ્રવાલ (પાલનપુર)-ઉપપ્રમુખ ઉત્તર ગુજરાત ઝોન, શ્રી પરમરાજસિંહ બી. રાણા (રાજકોટ)-સહમાનદમંત્રી, શ્રી નવલસિંહ પી. જાડેજા (જામનગર)-ખજાનચી, શ્રી માવજીભાઈ બી. ડોડીયા (રાજકોટ)-પૂર્વ પ્રમુખશ્રી (એજીટીટીએ), શ્રી રીચપાલભાઈ બિશ્નોઈ (મોરબી)-કારોબારીના સભ્ય, શ્રી વિદ્યુતભાઈ જી. જોષી (અમદાવાદ)-કારોબારીના સભ્ય, શ્રી હીરેનભાઈ એમ. મહેતા (રાજકોટ)-કો-ઓપ્ટ સભ્ય, શ્રી અજુભાઈ આર. કલોત્રા (સુરેન્દ્રનગર)-વીમા કમીટીના સભ્ય વગેરે સંસ્થાના હોદ્દેદારો-મહાનુભાવો તેમજ ગુજરાતના મોટા ટ્રાન્સપોર્ટરભાઈઓએ હાજરી આપેલ.**

**સંસ્થાની મીટીંગ "જન-ગન-મન" રાષ્ટ્રીય ગાન બાદ શરૂ કરેલ.**

**બરોડા રોડ ટ્રાન્સ. એસો. (બરોડા)** દ્વારા નીચે જણાવ્યા મુજબ મહાનુભાવોના શાલ અને મોમેન્ટો આપી સ્વાગત કરેલ.

| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી વાસણભાઈ જી. આહિર (રતનાલ) | પ્રમુખશ્રી | શ્રી મોહરસિંઘ જી. બીશુ (બરોડા) -ઉપપ્રમુખ મધ્ય ગુજરાત ઝોન<br>શ્રી ભારદ્વાજસિંહ વાઘેલા-બરોડા રોડ ટ્રાન્સ. એસો. (બરોડા)ના પ્રમુખ |
| ૨ | શ્રી મુકેશભાઈ સી. દવે (અમદાવાદ) | કાર્યકારીપ્રમુખ | શ્રી દત્તુભાઈ પટેલ<br>શ્રી રાજેશભાઈ કટારીયા |
| ૩ | શ્રી હસમુખરાય એન. ભગદેવ (રાજકોટ) | માનદ્મંત્રીશ્રી | શ્રી અમીતકુમાર વર્મા<br>શ્રી ચીરાગભાઈ પટની |
| ૪ | શ્રી જીતુભાઈ એચ. સંઘવી (અમદાવાદ) | ઉપપ્રમુખ સ્થાનિક ઝોન | શ્રી ભગવાનદાસ શર્મા<br>શ્રી યોગેશભાઈ શર્મા |
| ૫ | શ્રી પ્રભાતભાઈ એસ. આહીર (મોરબી) | ઉપપ્રમુખ સૌરાષ્ટ્ર ઝોન | શ્રી યુનુસભાઈ બંદી<br>શ્રી માંગેરામ પૂનીઆ |
| ૬ | શ્રી મહેન્દ્રસિંહ પી. જાડેજા (મુંદ્રા-કચ્છ) | ઉપપ્રમુખ કચ્છ ઝોન | શ્રી બલવંતસિંઘ રજીતવાલ<br>શ્રી પ્રમોદભાઈ શર્મા |
| ૭ | શ્રી કનુભાઈ આર. અગ્રવાલ (પાલનપુર) | ઉપપ્રમુખ ઉત્તર ગુજરાત ઝોન | શ્રી ભીમસીંઘ યાદવ<br>શ્રી રાજેશભાઈ શર્મા |
| ૮ | શ્રી મોહરસિંઘ જી. બીશુ (બરોડા) | ઉપપ્રમુખ મધ્ય ગુજરાત ઝોન | શ્રી સજ્જનસિંઘ ચૌહાન<br>શ્રી વિજયકુમાર |
| ૯ | શ્રી પરમરાજસિંહ બી. રાણા (રાજકોટ) | સહમાનદમંત્રી | શ્રી શીવકુમાર શર્મા<br>શ્રી રાકેશભાઈ શુકલા |
| ૧૦ | શ્રી નવલસિંહ પી. જાડેજા (જામનગર) | ખજાનચી | શ્રી ચંદ્રપ્રકાશ પાંડે<br>શ્રી બજરંગ સિંઘ રાજપુત |
| ૧૧ | શ્રી માવજીભાઈ બી. ડોડીયા | પૂર્વ પ્રમુખશ્રી | શ્રી સુનીલભાઈ બીશુ<br>શ્રી ભાવેશભાઈ શેહરન |
| ૧૨ | શ્રી જયસુખભાઈ ઠેસીયા | ધોરાજી ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. (ધોરાજી)-પ્રમુખશ્રી | શ્રી પવનભાઈ શર્મા<br>શ્રી વિનોદભાઈ પાટીલ |

**★બરોડા રોડ ટ્રાન્સ. એસો. (બરોડા)ના હોદ્દેદારો**

| | | | |
|---|---|---|---|
| ૧૩ | શ્રી ભારદ્વાજસિંહ વાઘેલા | પ્રમુખશ્રી | શ્રી પ્રેમસિંહ ચૌહાન |
| ૧૪ | શ્રી પ્રદીપસિંહ ચૌહાણ | માનદ્મંત્રીશ્રી | શ્રી અશ્વિનિકુમાર |
| ૧૫ | ★શ્રી પીયુષભાઈ આર. શર્મા (વડોદરા) | પૂર્વ પ્રમુખશ્રી | શ્રી ભુપસિંઘ ચૌધરી |
| ૧૬ | ★શ્રી દત્તુભાઈ પટેલ (મનચન પટેલ) (વડોદરા) | પૂર્વ પ્રમુખશ્રી | શ્રી પ્રદીપસિંહ ચૌહાણ |
| ૧૭ | ★શ્રી પુનવસુ એમ. વાઘેલા (વડોદરા) | પૂર્વ પ્રમુખશ્રી | શ્રી પ્રવિણભાઈ ગઢવી |

**રાજકોટથી આવેલ સભ્યશ્રી ગજેન્દ્રસિંહ જાડેજા એ જીએસટી વિભાગ દ્વારા થયેલ દંડની કાર્યવાહીમાં સમયમર્યાદાને લઈ પોતાની વાત રજુ કરી હતી, તેના અનુસંધાને શ્રી પરમરાજસિંહ બી. રાણા (રાજકોટ)-સહમાનદમંત્રી દ્વારા સંસ્થાના પ્રમુખશ્રીના માધ્યમથી રાજય અને કેન્દ્રની જીએસટી કચેરીને પત્ર લખી જીએસટીના નિયમમાં જીટીએ (ટ્રાન્સપોર્ટર)ની સીધી ટેકસ કે ઈન્વોઈસ સંબંધી કોઈ ભૂમિકા ન હોય તો પણ વેપારી દંડના ભરે તેવા કિસ્સામાં પોતાની ટ્રક છોડાવા માટે ટ્રાન્સપોર્ટરને દંડ ભરવાની ફરજ પડે છે. આથી વાંધાજનક માલ ઉતારી લઈ ટ્રકને તુરત મુકત કરી દેવી જોઈએ અને જીટીએને સંપુર્ણ મુકિત જાહેર થવી જોઈએ.**

**ટ્રાવેલ્સની બસો મારફતે માલનું બેરોકટોક પરિવહન થતુ હોવાથી ટ્રાન્સપોર્ટના વ્યવસાયિકોને ખુબ મોટું નુકશાન થઈ રહ્યુ છે, જેની રજુઆત વાહનવ્યવહાર કચેરીમાં થવી જોઈએ અને તેમના દ્વારા દરેક જિલ્લાના આરટીઓ અધિકારીઓને સુચના આપવા રજુઆત કરવામાં આવે.**

**શ્રી હસમુખરાય એન. ભગદેવ-માનદ્મંત્રીશ્રીએ મીટીંગની શરૂઆત કરતા એજન્ડા મુજબ ગત કારોબારી સમિતિની મીટીંગની કાર્યવાહીની નોંધને મંજુર કરવા માટે સભામાં જણાવેલ અને ગત કારોબારી સમિતિની મીટીંગની કાર્યવાહીની નોંધને સર્વાનુમતે મંજુર કરવામાં આવેલ.**

ત્યારબાદ જણાવેલ કે ગત મીટીંગ બાદ **સંસ્થાના નવા સભ્ય માટે આવેલ અરજીની યાદી નીચે મુજબ છે. જેની ચકાસણી થઈ ગઈ છે અને તેઓને સર્વાનુમતે સભ્ય તરીકે મંજુર કરવામાં આવેલ.**

| ક્રમ | નામ | વિગત | |
|---|---|---|---|
| ૧ | ★શ્રી મુકેશભાઈ ચુનીલાલ પટેલ (ભાવનગર) | વ્યકિતગત સભ્ય | આજીવન સભ્ય |
| ૨ | ★ગઢવી ટ્રાન્સપોર્ટ કાું (અમદાવાદ) | પેઢી સભ્ય | આજીવન સભ્ય |
| ૩ | ગોલ્ડન ઈગલ ટ્રાન્સ. લોજીસ્ટીકસ (અમદાવાદ) | પેઢી સભ્ય | આજીવન સભ્ય |
| ૪ | એક્ષપ્રેસ લાજીસ્ટીકસ (અમદાવાદ) | પેઢી સભ્ય | આજીવન સભ્ય |
| ૫ | ટોટલ ટ્રાન્સપોર્ટ સોલ્યુશન (અમદાવાદ) | પેઢી સભ્ય | આજીવન સભ્ય |

શ્રી હસમુખરાય એન. ભગદેવ-માનદમંત્રીશ્રીએ જણાવેલ કે ગત મીટીંગ બાદ આપણી સંસ્થાના સભ્યો તેમજ તેમના પરીવારમાં નીચે મુજબના સભ્યોનું અવસાન થયેલ છે, જેઓને બે મીનીટનું મૌન પાળીને શ્રધ્ધાંજલી અર્પિત કરીશું. તેમ જણાવેલ.

| ક્રમ | સંસ્થાના સભ્યનું નામ | સંબંધ | મરનાર વ્યકિતનું નામ | મરણ તારીખ |
|---|---|---|---|---|
| ૧ | માન.શ્રી પુંજીરામભાઈ પટેલ<br>પ્રમુખશ્રી-મહેસાણા જીલ્લા ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. | બનેવી શ્રી | શ્રી વિનોદભાઈ વી. પટેલ | ૦૭-૧૦-૨૦૨૩ |
| ૨ | માન.ડૉ. નવઘણભાઈ વાસણભાઈ આહીર<br>પ્રમુખશ્રી-શ્રી કચ્છ જીલ્લા ટ્રક ઓનર્સ એસો. | ધર્મપત્ની | શ્રીમતી ગીતાબેન ભોજાણી<br>(આહિર) (ઉ.વ.૩૮) | ૧૧-૧૦-૨૦૨૩ |
| ૩ | ભાવનગર ગુડઝ ટ્રાન્સપોર્ટ એસો. (ભાવનગર)ના | માનદમંત્રીશ્રી | શ્રી જગદિશભાઈ એન. શર્મા | ૨૮-૧૦-૨૦૨૩ |
| ૪ | માન.શ્રી ભરતભાઈ ડી. ઠકકર<br>ઉપપ્રમુખશ્રી (દક્ષિણ ગુજરાત ઝોન) | ભાભી | શ્રી મિનાક્ષીબેન (મીનાબેન) દિલીપભાઈ દૈયા | ૧૨-૧૧-૨૦૨૩ |
| ૫ | સંસ્થાના કોમ્પ્યુટર ઓપરેટર કવિતાબેન શાહ | મોટા ભાઈ | શ્રી કેયુરભાઈ જે. પરીખ<br>(ભાજપ ઈસનપુર વોર્ડ શહેર કારોબારી સદસ્ય) (ઉ.વર્ષ ૪૭) | ૨૦-૧૧-૨૦૨૩ |
| ૬ | માન.શ્રી કાનાભાઈ પરમાર<br>પ્રમુખશ્રી-ભાવનગર ગુડઝ ટ્રાન્સપોર્ટ એસો. | માતૃશ્રી | શ્રી રામુબેન લખુભાઈ પરમાર | ૦૪-૧૨-૨૦૨૩ |

આપણે તેમના પરિવારજનોને સાંત્વન આપી આજે આપણે સૌ ભેગા થયા છીએ તો આ બધાને શ્રધ્ધાંજલી અર્પી તેમના માનમાં બે મીનીટનું મૌન ધારણ કરવામાં આવ્યું.

**સુરેન્દ્રનગર જીલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશન (વઢવાણ-સુરેન્દ્રનગર)ના પ્રમુખશ્રી અજુભાઈ આર. કલોત્રા**એ જણાવેલ કે સુરેન્દ્રનગર જીલ્લામાં અતિશય ઓવરલોડ ભરીને ડમ્પર તથા ગાડીઓ નિયમ વિરૂધ્ધ માલનું વહન કરે છે. જે અંગે આપશ્રી તપાસ કરી આવા ગુનાકિય પ્રવૃત્તિ કરનારની સામે તેને પકડી દંડ કે સજા અથવા

કાયદાકિય કડક પગલા લેવા લાગતા-વળગતા અધિકારીશ્રીઓને સુચના આપશોજી. આર.ટી.ઓ.માં મેમો જે ઓનલાઈન આપે પછી મેમો ભરવા માટે આર.ટી.ઓ.માં ઓનલાઈન પ્રોસેસ લેઈટ ખુલે છે. મેમો ત્રણ માસ પછી લેતા નથી. કોર્ટમાં જાય તો મેમો કોર્ટમાં સ્વીકારતા નથી. જે ટ્રકોનું પાસીંગ-પરમીટ થવા આવ્યુ હોય તે ટ્રકો બ્લેક લીસ્ટમાં નાખે છે. આ મેમો ભરવા માટે જે-તે જગ્યાનો હોય તો તે મેમો તે આર.ટી.ઓ.માં જઈને જ ભરવો પડે છે. આર.ટી.ઓ.નો આ મેમો ઓનલાઈન કોઈપણ જગ્યાએથી ભરી શકાય તેવી વ્યવસ્થા કરવા લાગતા-વળગતા અધિકારીશ્રીઓને સુચના આપશોજી. આપશ્રીને જણાવવાનું કે આર.ટી.ઓ.માં મેમો જે ઓનલાઈન આપે પછી મેમો ભરવા માટે આર.ટી.ઓ.માં ઓનલાઈન પ્રોસેસ લેઈટ ખુલે છે. મેમો ત્રણ માસ પછી લેતા નથી. કોર્ટમાં જાય તો મેમો કોર્ટમાં સ્વીકારતા નથી. જે ટ્રકોનું પાસીંગ-પરમીટ થવા આવ્યુ હોય તે ટ્રકો બ્લેક લીસ્ટમાં નાખે છે. આ મેમો ભરવા માટે જે-તે જગ્યાનો હોય તો તે મેમો તે આર.ટી.ઓ.માં જઈને જ ભરવો પડે છે. આર.ટી.ઓ.નો આ મેમો ઓનલાઈન કોઈપણ જગ્યાએથી ભરી શકાય તેવી વ્યવસ્થા કરવા લાગતા-વળગતા અધિકારીશ્રીઓને સુચના આપશોજી.

ત્યારબાદ સંસ્થાના **જંબુસર ટ્રક ઓનર એસોસીએશન (ભરૂચ)ના પ્રમુખશ્રી રોમેશભાઈ શાહે** જણાવેલ કે ગીર-સોમનાથ, રાજકોટ, મોરબી અને કચ્છ, સુરેન્દ્રનગર તેમજ ગુજરાતના અલગ અલગ વિસ્તારના ઔધોગીક એકમોમાં આવવા જવા માટે બોરસદ થી મુહવડ થઈ જંબુસર, દહેજ, અંકલેશ્વર જી.આઈ.ડી.સી માટે આ રસ્તાનો ઉપયોગ ટ્રાન્સપોર્ટના વાહનો માટે મોટા પ્રમાણમાં થાય છે. આ રોડનો ઉપયોગ સવારે ૬ થી ૯ વાગ્યા સુધી અને સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી વાહનોમાં લકઝરી બસો ખુબ ભયજનક ગતિએ વાહન હંકારતા હોય છે અને રોડની ખરાબ પરિસ્થિતિમાં પણ ઓવરટેકીંગ કરી ભારે વાહનો, નાના વાહનો, પેસેંજર બસો, ટુ-થ્રી વ્હીલરના દરરોજ અકસ્માત થાય છે. અમો અમારા વિસ્તારના અમૂલ્ય નાગરીક અને તેમના પરિવારજનોના હિતને ધ્યાને રાખી આ બરોડા-જંબુસર-બરોડા રોડને નો-ઓવરટેકીંગ ઝોન ફોર કોમર્શીયલ ટ્રક, લકઝરીબસ, જી.એસ.આર.ટી.સી. બસ માટે સવારે ૬ થી ૯ અને સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી કરવામાં આવે. તેવી અમારી લાગણી અને માંગણી છે.

**શ્રી જીતુભાઈ સંઘવી-ઉપપ્રમુખશ્રી સ્થાનિક ઝોન**એ સુરેન્દ્રનગર જીલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશન (સુરેન્દ્રનગર), મોડાસા વિભાગ મોટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન (મોડાસા), ધી પંચમહાલ જીલ્લા ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. (ગોધરા)ના આર.ટી.ઓ.ના પ્રશ્નો બાબતે જણાવેલ કે જે ટ્રક માલીકોએ પોતાના વાહન પર થયેલ કેસનો દંડ ભરેલ નથી, અને આવા કેસની મુદત ૮૦ દિવસ કરતા વધી જાય તો સરકાર દ્વારા આવા કેસને વર્ચયુઅલ કોર્ટમાં તબદીલ કરી વાહન માલીકને તેના રજીસ્ટર્ડ મોબાઈલ પર વોટસઅપ દ્વારા આવ કેસનો નીકાલ કરવા સુચના આપવામાં આવે છે તથા આવા વાહનની પાસીંગ તથા ટેકસ ભરવાની પ્રક્રિયા સિવાયની કામગીરી વાહન વ્યવહાર ખાતા દ્વારા અટકાવવામાં આવે છે. આ ઉપરાંત આવા કોર્ટ કેસનો નિકાલ કોર્ટમાં જ થાય છે.

આ બાબતે સંસ્થા દ્વારા વાહન વ્યવહાર કમીશ્નરશ્રીને રજુઆત કરવામાં આવેલ છે તેમના જણાવ્યા અનુસાર ટુંક સમયમાં આવા કેસોનો નિકાલ રજીસ્ટર્ડ આર.ટી.ઓ દ્વારા કરવામાં આવે તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવશે.

**શ્રી મોહરસિંઘ જી. બીશુ (બરોડા)-ઉપપ્રમુખ મધ્ય ગુજરાત ઝોન**એ જણાવેલ કે આજે તારીખ ૨૫ ડિસેમ્બરના રોજ બરોડા રોડ ટ્રાન્સપોર્ટ એસોસીએશન દ્વારા અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનની કારોબારી સમિતિની મીટીંગનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં ટ્રાન્સપોર્ટ ઉધોગને લગતા ટોલટેક્ષના પ્રશ્નોની રજૂઆત, વીમા, ઈ વેબીલ, આર.ટી.ઓ., રોડ બાબતે અને અન્ય સમસ્યાઓ વિશે વાત થયેલ છે અને અખિલ ગુજરાત ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશનના પ્રમુખશ્રી વાસણભાઈ જી. આહીરે ખાત્રી આપેલ છે કે આ બાબતે મુખ્યમંત્રીશ્રી સાથે અને જે-તે લાગતા વળગતા ખાતાઓના મંત્રીશ્રી તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે વાતચીત કરી આ બાબતનો નિકાલ લાવીશું. બહુ જ સરસ

મીટીંગ થયેલ છે તેમજ બરોડા રોડ ટ્રાન્સ. એસો. (બરોડા)ના શ્રી ભારદ્વાજસિંહ વાઘેલા-પ્રમુખશ્રી, શ્રી પ્રદીપસિંહ ચૌહાણ-માનદ્‌મંત્રીશ્રી, શ્રી રાજેશભાઈ કટારીયા-ઉપપ્રમુખશ્રી, શ્રી ચીરાગભાઈ પટની-સેક્રેટરીશ્રી તેમજ તમામ હોદ્દેદારો અને કારોબારીએ ખુબજ મહેનત કરી મીટીંગનું આયોજન કરેલ છે, તે બદલ હું તેઓનો આભાર માનુ છું.

જેમાં એસોસીએશન સભ્યશ્રી બોટાદ મોટર ટ્રક ઓનર્સ એસો. (સંગઠન) (બોટાદ), રાજકોટ ગુડઝ ટ્રાન્સપોર્ટ એસો. (રાજકોટ), ધોરાજી ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. (ધોરાજી), મોરબી ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન (મોરબી), માલીયાસણ ટ્રાન્સપોર્ટ એસો. (માલીયાસણ), ટ્રાન્સપોર્ટનગર નવાગામ એસો. (નવાગામ), જામનગર જી. મોટર ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. (જામનગર), દેવભુમિ ટ્રક એસોસીએશન (દેવભૂમિ દ્વારકા), શ્રી કેશોદ તાલુકા ટ્રક ટ્રાન્સપોર્ટ એસોસીએશન (જૂનાગઢ), સુરેન્દ્રનગર જીલ્લા ટ્રક ઓનર્સ એસોસીએશન (સુરેન્દ્રનગર), ગુ. સાઉથ ઈન્ડિયા લોરી સપ્લાયર્સ એસો. (અમદાવાદ), અમદાવાદ ટ્રાન્સપોર્ટ એસો. (અમદાવાદ), મોડાસા વિભાગ મોટર ટ્રાન્સપોર્ટ એસોસીએશન (મોડાસા), બરોડા રોડ ટ્રાન્સ. એસો. (બરોડા), ધી પંચમહાલ જીલ્લા ટ્રક ટ્રાન્સપોર્ટ એસો. (ગોધરા), જંબુસર ટ્રક ઓનર એસોસીએશન (ભરૂચ), વગેરે એસોસીએશનના પ્રમુખશ્રીઓ તેમજ ગુજરાતના મોટા ટ્રાન્સપોર્ટરભાઈઓએ હાજરી આપી ટ્રાન્સપોર્ટરોને લગતા તમામ પ્રશ્નોમાં રસપૂર્વક ભાગ લઈ સાથ સહકાર આપેલ છે તે માટે માન. શ્રી મુકેશભાઈ દવેએ સૌનો આભાર માની પ્રમુખશ્રીની પરવાનગીથી સંસ્થાની કારોબારી સમિતિ મીટીંગ પુરી થયાની જાહેરાત કરેલ.

આભાર સહ,

આપના વિશ્વાસુ,

H Nthellear

મુકેશભાઈ સી. દવે
(કાર્યકારી પ્રમુખ)

હસુભાઈ એન. ભગદેવ
(માનદમંત્રી)